ગાંધીનગર સમાચાર

આજે સરકાર અને પાસના કન્વીનરો વચ્ચે મંત્રણા બેઠકની સંભાવના

# જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે આજે જાહેરનામું

## જાહેરનામું પ્રસિદ્ધ થતાં જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે : આજથી ઉમેદવારીપત્રો ભરી શકાશે

ગાંધીનગર, તા. ૪

જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અંગેનું આજે વિધિવત જાહેરનામું પ્રગટ કરાશે અને તે સાથે જ જિલ્લાનાં ગ્રામ વિસ્તારોમાં ચૂંટણીની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગેનું જાહેરનામું ગાંધીનગર અને કલોલ પ્રાંત કચેરી દ્વારા જે તે ગ્રામ પંચાયત કચેરી પર તેમજ ગામનાં જાહેર સ્થળો પર ચીપકાવી દેવાશે. એ સાથે જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે.

જિલ્લાના ૪.૫૦ લાખ મતદારો આ ચૂંટણીમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરી પોતાની ગ્રામ સ્વરાજની સંસ્થાના પ્રતિનિધિઓને ચૂંટશે. આ ચૂંટણી માટે ૫૮૦ જેટલાં મતદાન મથકો નિયત કરવામાં આવ્યાં છે.

જિલ્લામાં દહેગામની ૮૪, ગાંધીનગરની ૭૧, માણસાની ૨૫ અને કલોલની ૧૪ ગ્રામ પંચાયતોમાં આ ચૂંટણી યોજાવાની છે.

નોટબંધીની અસર તળે આ ચૂંટણીઓ યોજાઈ રહી છે. ઉમેદવારો દ્વારા આજથી ઉમેદવારીપત્રો ભરવામાં આવશે, જે ૧૦મી સુધી ભરી શકાશે. આ પછી ૧૧મીએ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ચાલુ મહિનાના અંતિમ સપ્તાહમાં આ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. ૨૭મીએ મતદાન યોજાશે અને ૨૯મીએ મત ગણતરી હાથ ધરવામાં આવશે.

આ ચૂંટણી મતપત્રથી યોજવાની હોવાથી તંત્રને તેની તૈયારી વધુ ઝીણવટભરી રીતે કરવાની રહેતી હોવાથી તંત્ર ચૂંટણીની કામગીરીમાં ગળાડૂબ બની ગયું છે.

જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૪૨ ચૂંટણી અધિકારીઓ અને ૪૨ મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે.

જિલ્લાનાં ગ્રામ વિસ્તારોમાં ચૂંટણીજ્વર જામી ચૂક્યો છે. રાત્રિ બેઠકોનો સિલસિલો પણ શરૂ થઈ ચૂક્યો છે.

● અનુસંધાન પાન-૭ પર




દબાણનો ભંગાર - છેલ્લા કેટલાય સમયથી ગાંધીનગર શહેરમાંથી દબાણ હટાવવાની ઝુંબેશ ચાલી રહી છે... દબાણ તંત્ર લારીગલ્લાના દબાણકારો પર અવારનવાર ત્રાટકે છે... દબાણવાળા લારી-ગલ્લા જપ્ત કરવામાં આવે છે... આ જપ્ત કરાયેલા લારી-ગલ્લા જેતે સેક્ટરની ઈન્કવાયરી કચેરી ખાતે ઠાલવવામાં આવે છે... પરંતુ છેલ્લા ઘણા સમયથી સેક્ટરની ઈન્કવાયરીમાં પડેલો આ દબાણનો ભંગાર લેવા ન કોઈ રણીધણી છે... ના તો કોઈ નિકાલ કરવામાં આવે છે... એટલે સેક્ટરની ઈન્કવાયરીમાં આ દબાણના ભંગારનો ભરાવો થઈ ગયો છે...

# શહેરમાં રીક્ષા સ્ટેન્ડ બનાવાની યોજનાનો અમલ ન થતા માર્ગ સલામતી જોખમાઈ

ગાંધીનગર તા ૪

શહેરમાં રીક્ષા સ્ટેન્ડ બનાવાની યોજના ખોરંભે પડી છે. સેકટરોના નાંકે રીક્ષા ઉભી રહેવા માટે નિયત જગ્યાઓની યાદી પણ તંત્ર દ્વારા તૈયારી કરી દેવામાં આવી છે. પરંતુ યોગ્ય ઠેકાણે રીક્ષા સ્ટેન્ડ કાર્યરત ન થતા માર્ગ વચાળે જ રીક્ષા ખડી કરી દેવાતા ટ્રાફિકને લગતી સમસ્યા વધી છે. જયારે માર્ગ સલામતી પણ જોખમમાં મુકાય તેવી સ્થિતિ સર્જાઇ છે.

**મુખ્ય માર્ગો પર વચાળે જ રીક્ષા ઉભી કરી દેવાતા ટ્રાફિકને લગતી સમસ્યાઓથી નાગરિકો ત્રસ્ત**

શહેરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો પ્રત્યે આમ પણ તંત્ર બેધ્યાન બન્યુ છે. ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે અકસ્માતો દિનપ્રતિદિન વધી રહયા છે. આવા સંજોગોમાં નગરમાં પાર્કીંગ સેન્સનો ભારોભાર અભાવ વર્તાય છે. પાર્કીંગ પ્લેસ પર દબાણો અસ્તિત્વમાં આવતા સર્વિસ રોડ પર વાહનો ખડકાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ત્યારે શહેરમાં રીક્ષા સ્ટેન્ડ બનાવાની યોજના પણ વિસરાઈ છે. શહેરના માર્ગો પર વચાળે જ રીક્ષા ખડી કરી દેવાતા વાહનચાલકો માટે અડચણ ઉભી થાય છે. સિવિલ કેમ્પસના ગેટ પાસે પણ માર્ગ વચાળે જ રીક્ષા સ્ટેન્ડ થતા નાગરિકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. અગાઉ રીક્ષા સ્ટેન્ડ બનાવવા માટે કાર્યયોજના પણ તૈયાર કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કોઇ પગલા ન લેવાતા પાર્કીંગ પ્લેસના અભાવ વચ્ચે શહેરમાં દોડતી રીક્ષાઓ પણ ટ્રાફિકની દ્રષ્ટીએ અડચણ રૂપ બનતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

શહેરમાં લાખોના ખર્ચે પાર્કીંગ પ્લેસ નિર્માણ કરાયા છે. પરંતુ પાર્કીંગ પ્લેસની જગ્યાને દબાણોની સમસ્યા ભરખી ગઈ છે. પાર્કીંગના ઠેકાણે લારી ગલ્લાએ અડ્ડો જમાવતા કોર્મશિયલ વિસ્તારમાં વાહનો પાર્ક કરવાની જગ્યા શોધવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે જિલ્લા પોલીસ તંત્ર પણ સમયાંતરે દંડ વસુલી કરી સંતોષ માની લે છે. જયારે દબાણ તંત્ર દ્વારા પણ કોઇ પગલા લેવાતા નથી. પાર્કીંગના ઠેકાણે દબાણોએ અડ્ડો જમાવતા સર્વિસ રોડ પર જ વાહનોનો ખડકલો થાય છે. જેના લીધે સાંકડા માર્ગ પર ટ્રાફિક જામના લીધે અનેક સમસ્યા ઉદભવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# શિક્ષણ વિભાગનો કેશલેસ બનાવવાની કવાયત હાથ ધરાઈ

## ૩૧.૧૨.૧૬ સુધીમાં તમામ શિક્ષણ સંસ્થાનો અને કચેરીઓમાં કેશલેસ વ્યવહારનાં સાધનો ખરીદી કાર્યરત કરવા આદેશ

ગાંધીનગર, તા. ૪

શિક્ષણ સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓ તથા સંસ્થાનો સાથે સંકળાયેલ કચેરીઓમાં કૅશલેસ ટ્રાન્ઝેક્શનનો અમલ કરવાનો નિર્ણય રાજય સરકારના શિક્ષણ વિભાગે કર્યો છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારનો અભિગમ દેશ તથા રાજયના નાગરિકો બને તેટલો કૅશલેસ વ્યવહાર કરે તે મુજબની વ્યવસ્થા અમલમાં લાવવાનો રહ્યો છે. આર્થિક બાબતોમાં રોકડ વ્યવહાર ઘટે તે મુજબના બદલાયેલા સંજોગોમાં રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સર્વ શૈક્ષણિક સંસ્થાઓ - પ્રાથમિક શાળાથી લઈ શિક્ષણ આપતી તમામ સંસ્થાઓમાં તથા સંસ્થાઓના રોજ-બ-રોજનાં કામકાજ સાથે સંકળાયેલ ખાતાનાં વડાઓની કચેરી તથા જિલ્લા કચેરીઓમાં કૅશલેસ વ્યવહાર પ્રથા અમલી બને તે માટે સરકારે આ નિર્ણય કર્યો છે.

આ માટેનાં સાધનો તાત્કાલિક અસરથી વસાવવા અને તેનો સત્વરે અમલ શરૂ થાય તે સુનિશ્ચિત કરવા તમામ સ્તરે જરૂરી સૂચનાઓ પણ જારી કરી દેવામાં આવી છે.

આ સૂચનાનો અમલ ૩૧.૧૨.૧૬ સુધી કરી દેવાનો રહેશે અને તેની જાણ રાજ્ય સરકારને પણ કરવાની રહેશે તેવા સ્પષ્ટ આદેશ રાજ્ય સરકારે આપ્યા છે.

આમ શિક્ષણ વિભાગ સરકારનો પ્રથમ કૅશલેસ વિભાગ બનશે તેમ સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું છે.

# આજે સરકાર અને પાસના કન્વીનરો વચ્ચે મંત્રણા બેઠકની સંભાવના

ગાંધીનગર, તા.૪

રાજય સરકાર પાસના કન્વીનરોને આવતીકાલે ફરી એકવાર મંત્રણા માટે બોલાવે તેવી શકયતા છે.

રાજયમાં અનામતની માંગણી સાથે આંદોલન કરી રહેલ પાસના કન્વીનરો સાથે મંત્રણાઓ કરી પ્રશ્નના ઉકેલની દીશામાં કાર્યવાહી હાથ ધરી છે. જેના ભાગરૂપે ગત સપ્તાહે રાજય સરકારે પાસના કન્વીનરોને આમંત્રણ માટે બોલાવ્યા હતાં.

ગત સપ્તાહે રાજય સરકારના પ્રતિનિધિઓ અને પાસના કન્વીનરો વચ્ચે મંત્રણા બેઠક યોજાઈ હતી પરંતુ પાસ દ્વારા રજુ કરવામાં આવેલ માંગણીઓ અંગે રાજય સરકારના પ્રતિનિધિઓએ મુખ્યમંત્રી અને મોવડીમંડળ સાથે ચર્ચા કરવા માટેનો સમય આપવાની વાત કરતા આ મંત્રણાઓ નિષ્ફળ જવા પામી હતી.

આથી પાસે પણ રાજય સરકારને સોમવારે બેઠક યોજવા માટે એક તક આપવા સાથે જો સોમવારે નકકર પરિણામ સાથેની બેઠક ન યોજાઈ અને પરીણામ ન આવે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચિમકી પાસના કન્વીનર દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર આવતીકાલે પાસના કન્વીનરોને મંત્રણા માટે બોલવે છે કે નહી અને જો બોલાવે તો સમાધાન થશે કે કેમ તેની સામે પ્રશ્નાર્થ મુકાયેલો છે. તો બીજી બાજુ આવતીકાલે બેઠક ન થાય તો પાસ દ્વારા રાજયમાં ફરી અનામત આંદોલન શરુ કરવા માટેની ચિમકી આપવામાં આવી છે.

# ગાંધીનગર મનપા અને પેથાપુર ન.પા. દ્વારા આજે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન

## પ્રભારી મંત્રી અને પ્રભારી સચિવ પણ હાજરી આપશે

ગાંધીનગર, તા. ૪

આજે ગાંધીનગર મહાનગર પાલિકા તથા પેથાપુર નગરપાલિકાના સેવા સેતુ કાર્યક્રમો યોજાશે. આ બંને કાર્યક્રમમાં પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાધવાની તથા પ્રભારી સચિવ સંજીવકુમાર વિહોલ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર મહાનગર પાલિકાનો સેવા સેતુ કાર્યક્રમ આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે વોર્ડ નં. ૫થી ૮નો યોજવામાં આવેલ છે. આ સેવાસેતુ કાર્યક્રમને લઈ મનપા દ્વારા ડાયાબિટીસ ચેક-અપ કેમ્પ, બેન્કો દ્વારા ઈ-વૉલેટની સમજૂતી આપવા માટેના ખાસ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે. આધાર કાર્ડ માટે પણ ખાસ કીટ આ સ્થળે રાખવામાં આવનાર છે.

રાજ્યસરકારે ગ્રામ્ય સ્તરે સેવા સેતુ કાર્યક્રમને મળેલા ભારે પ્રતિસાદને પગલે શહેરી વિસ્તારોમાં પણ આવા કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરાતાં મનપા દ્વારા વોર્ડ નં. ૫થી ૮ માટેના સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

પેથાપુર નગરપાલિકા દ્વારા પણ આવો જ સેવાસેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા મ્યુનિ. અધિકારીના અધ્યક્ષ સ્થાને આ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયું છે.


ગાંધીનગર મનપા ખાતે પેથાપુર નગરપાલિકા દ્વારા યોજવામાં આવેલ સેવાસેતુ કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ સેવાસેતુ કાર્યક્રમમાં ૮ પ્રકારની વ્યક્તિગત સેવાના પ્રશ્નો રજૂ કરી શકાશે.

























Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com